**રમેશભાઇ ગામીત, ગામ ઘોડચીત, તા. સોનગઢ, જી. તાપી** ના વતની છે. કેવિકે વ્યારાથી મશરૂમની ખેતી વિશેની તાલીમ મેળવી છેલ્લા ૨.૫ વર્ષથી મશરૂમની ખેતી કરે છે. બીજા મશરૂમ ઉત્પાદક પાસેથી મશરૂમ ખરીદી કરી માર્કેટીંગ પણ કરે છે. નાના સીમાંત ખેડૂતો મશરૂમ ઉગાડવા માટે ડાંગરના પરાળના ટુકડા કરવા ચાફ કટર ( Chaff Cutter Machine) ખરીદ કરી શકતા નથી. તો આવા નાના ખેડૂતો માટે ઓછા ખર્ચે પરાળ કટ કરી શકાય તે માટે એમને પોતાના અનુભવથી એક ઇનોવેશન કરેલ છે. જેમાં ખાલી એક પુરુષ અથવા સ્ત્રી પરાળને કટ કરી શકે તેવું એક સાધન બનાવેલ છે. આ સાધન બનાવવા માટે તેમને ફક્ત રૂ. ૧૫૦૦/- ખર્ચ કરેલ છે.









